NEWS BRIEF

# સ્માર્ટફોન પ્રાઈવસી પર સેમિનાર યોજાશે

સિટી રિપોર્ટર | સ્માર્ટફોન પ્રાઈવસી અને સિક્યુરિટી વિષય પર ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી(જીએનએલયુ)માં ૧મીએ નેશનલ સેમિનારનુ આયોજન કર્યુ છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરેટી ઓફ ઈન્ડિયા(ટ્રાય)ના સહયોગથી આ સેમિનારનું આયોજન કર્યુ છે. ઉભરતી ગ્લોબલ ઈનફોર્મેશન સોસાયટીમાં ભારતને મહત્વનો ભાગ ભજવામાં મદદરૂપ થાય તે રીતે દેશમાં ટેલિકોમ્યુનિકેશનનો વિકાસ થાય તે માટે અનુકુળ વાતાવરણ ઉભુ કરવાના હેતુંથી આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સેમિનારમાં વક્તા તરીકે સાયબર સિક્યુરિટી એક્સપર્ટ અરુણ રામાકિષ્નન, ઓફેન્સિવ સિક્યુરિટી સર્ટીફાઈડ પ્રોફેશનલ અને સાયબર સિક્યુરિટી રિસર્ચર મનિષ ગુપ્તા, મનોચિકિત્સક અને વ્યસનમુક્તિના નિષ્ણાંત અને ડૉ.પ્રદીપ વાધા અને ટ્રાયના એડવાઈઝર સંજીવ બાજાનો સમાવેશ થાય છે.ઉલ્લેખનીય છે કે વક્તા તરીકે આવનારા એક્સપર્ટ સ્માર્ટફોનમાં પ્રાઈવસીના થતાં ઈસ્યૂ વિશે અને તેનાથી થતાં ફ્રોડ વિશે સ્ટુડન્ટ્સને વાત કરશે.

Scanned by CamScanner